# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૭/૦૮/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)
મીડિયા કન્વીનર, સુરત

- **પૂરગ્રસ્ત વિસ્તારોમાં કુદરતી આફતનો ભોગ બનેલ પ્રજાજનોના પુનઃવસન માટેની જીવન જરૂરીયાતની વસ્તુઓ પહોંચાડવા ભાજપ–સુરત મહાનગર હંમેશા ખડે પગે તૈયાર : નીતિનભાઈ ભજીયાવાલા**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ઉતર ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારના લોકોની મદદ માટે આજરોજ ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા સહાય સામગ્રીની વધુ બે ટ્રક બનાસકાંઠા રવાના કરવામાં આવી હતી.

પૂરગ્રસ્ત વિસ્તારના લોકો માટે ૧૦૦૦ નંગ ખાટલા અને ૧૦૦૦ નંગ મચ્છરદાની આજરોજ સુરતથી બનાસકાંઠા મોકલવામાં આવી છે. આગામી સમયમાં બીજા ૪૦૦૦ નંગ ખાટલા અને ૪૦૦૦ નંગ મચ્છરદાની મોકલવામાં આવશે. આ

પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા સહિતના પાર્ટીના હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર્તાઓ ખાસ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું કે પૂરગ્રસ્ત વિસ્તારના લોકોની મદદ માટે અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા અનાજની કીટ, વાસણની કીટ, કાપડની કીટ, વિગેરે મળી આશરે ૯૦૦૦ થી વધુ કીટ ઉતર ગુજરાતના જુદા જુદા વિસ્તારમાં મોકલવામાં આવી છે. અનાજની કીટમાં લોટ, દાળ, ચોખા, ખાંડ, તેલ મીઠું, મરચું, કપડાં ધોવાનો પાવડર સહિતની ચીજ વસ્તુ, વાસણની કીટમાં થાળી, વાટકી, ચમચી, ગ્લાસ, તપેલી, તપેલાં, ગળણી, પ્રાયમસ સહિતની ચીજવસ્તુઓ તથા કાપડની કીટમાં ઓઢવાના કંબલ, પાથરવાના ચારસા, ટુવાલ, તાડપત્રી સહિતની ચીજવસ્તુઓ મોકલવામાં આવી હતી. આ સાથે અગાઉ ૮૦૦૦ મચ્છરદાની પણ મોકલવામાં આવી હતી. વધુમાં શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું કે પૂરગ્રસ્ત વિસ્તારના લોકોને હજી પણ કોઈ પણ પ્રકારની મદદની કે સેવાની જરૂર હશે તો ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર એમને માટે ખડે પગે ઉભું રહેશે.

આ પ્રસંગે ઉદાર હાથે મદદ કરનાર શહેરના નાગરિકો, પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓનો શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ આભાર વ્યક્ત કર્યો હતો.

આજ રોજ સુરત મહાનગરમાંથી ૨ (બે) ટીમ પુનઃવસનના સામાન સાથે ખાટલા અને મચ્છરદાની લઈને રવાના થઈ હતી. જેમાં શહેર મહામંત્રી શ્રી મદનસિંહ અટોદરીયા, શહેર ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ દુધાગરા અને શ્રી બકુલભાઈ ભટ્ટ, શહેર ખજાનચી શ્રી ગુણવંતભાઈ પટેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ વિગેરે સહિતના કાર્યકર્તાઓ આ રાહત સામગ્રી સાથે રવાના થયા હતા.